eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 263
March 18, 2011

## તા. ૧૧/૦૩/૨૦૧૧ નાં રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટીક અટકાયતની સંકલિત ઝુંબેશ હાથ ધરવામાં આવેલ

મે.કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ)નાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારમાં આવેલ શાક માર્કેટ, સુપર સ્ટોર દુકાનો, કોમર્શીયલ કોમ્પલેક્ષ, હોકર્સ, રીટેલ શોપ, પ્લાસ્ટીક સપ્લાયર્સ વિગેરે સ્થળોએ ઉપયોગમાં લેવામાં આવતી પ્રતિબંધિત પ્લાસ્ટીકની થેલીઓનો ઉપયોગ ન થાય ...

વધુ માટે ક્લીક કરો >>>>>>

## આર.ટી.આઈ.એક્ટ–૨૦૦૫ થી માહિતગાર થવા અંગે સેન્ટ્રલ ઝોન ધ્વારા વર્કશોપનું આયોજન

સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદના સહકારથી આર.ટી.આઈ.એક્ટ–૨૦૦૫ અંગે એક વર્કશોપનું આયોજન સુરત મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોન ધ્વારા કરવામાં આવ્યું છે ...

વધુ માટે ક્લીક કરો >>>>>>

## આર.ટી.આઈ.એક્ટ–૨૦૦૫ થી માહિતગાર થવા અંગે લિંબાયત ઝોન ધ્વારા વર્કશોપનું આયોજન

માહિતી અધિકાર અધિનિયમ હેઠળ કાયદાના પ્રસાર અને પ્રચારના હેતુથી કાયદા અને નિયમની જાણકારી આપવા માટે સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા તથા સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે નીચે જણાવેલ વિગતે વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે ...

વધુ માટે ક્લીક કરો >>>>>>

## આર.ટી.આઈ.એક્ટ–૨૦૦૫ થી માહિતગાર થવા અંગે ઉધના ઝોન ધ્વારા વર્કશોપનું આયોજન

સાઉથ ઝોન(ઉધના) સુરત મહાનગરપાલિકા ધ્વારા સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા(સ્પીપા), અમદાવાદ અને રાજય સરકારશ્રીનાં સંયુકત ઉપક્રમે માહિતી અધિકાર અધિનિયમ હેઠળ કાયદાના પ્રસાર અને પ્રચારના હેતુથી કાયદા અને નિયમની જાણકારી આપવા માટે ...

વધુ માટે ક્લીક કરો >>>>>>

## ચંદ્રદર્શન

ચંદ્ર પૃથ્વીની નજીક આવવાની ખગોળીય ઘટનાને કારણે ચંદ્ર વધુ પ્રકાશિત અને મોટો દેખાશે. શહેરીજનોને આ અલૌકિક ઘટના નિહાળી શકે તે માટે સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત, સીટી લાઈટ રોડ ખાતે ...

વધુ માટે ક્લીક કરો >>>>>>

## તા. ૧૧/૦૩/૨૦૧૧ નાં રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટીક અટકાયતની સંકલિત ઝુંબેશ હાથ ધરવામાં આવેલ

મે.કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ)નાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારમાં આવેલ શાક માર્કેટ, સુપર સ્ટોર દુકાનો, કોમર્શીયલ કોમ્પલેક્ષ, હોકર્સ, રીટેલ શોપ, પ્લાસ્ટીક સપ્લાયર્સ વિગેરે સ્થળોએ ઉપયોગમાં લેવામાં આવતી પ્રતિબંધિત પ્લાસ્ટીકની થેલીઓનો ઉપયોગ ન થાય તે હેતુસરની જનજાગૃતિ અંતર્ગત તા. ૧૧/૦૩/૨૦૧૧ નાં રોજ સવારથી સાંજ સુધી જે તે ઝોનનાં આરોગ્ય, એન્જીનીયરીંગ, ગુમાસ્તાધારા વિગેરે વિભાગનાં સ્ટાફ સાથે પ્રતિબંધિત પ્લાસ્ટીક અટકાયતની સંકલિત ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. તમામ ઝોન વિસ્તારમાં કરવામાં આવેલ કામગીરીની માહિતી નીચે મુજબ છે. આમ, તમામ ઝોનમાંથી ૭૬૯.૪૦ કિ.ગ્રા. પ્લાસ્ટીક જપ્ત કરી રૂા. ૨,૨૩,૨૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

| અ.નં. | ઝોનનું નામ | જપ્ત કરલ પ્લાસ્ટિક જથ્થો(કિ.ગ્રા.) | વસુલ કરેલ વહીવટી ખર્ચ (રૂા.) | કસુરવાર ઈસમોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | સેન્ટ્રલ ઝોન | ૩૫ | ૨૧,૬૦૦ | ૧૦૬ |
| ૨ | રાંદેર ઝોન | ૧૪૭.૭૦૦ | ૧૬,૩૫૦ | ૧૧૭ |
| ૩ | ઉધના ઝોન | ૯૪ | ૨૭,૮૦૦ | ૭૬ |
| ૪ | લિંબાયત ઝોન | ૯૦ | ૧૧,૮૫૦ | ૧૨૨ |
| ૫ | અઠવા ઝોન | ૧૭૫ | ૬૮,૧૦૦ | ૧૫૮ |
| ૬ | કતારગામ ઝોન | ૫૬.૫૦ | ૩૩,૩૫૦ | ૨૨૮ |
| ૭ | વરાછા ઝોન | ૧૭૧.૨૦૦ | ૪૪,૨૦૦ | ૨૩૪ |
| કુલ | | ૭૬૯.૪૦ | ૨,૨૩,૨૫૦ | ૧૦૪૧ |

TOP

## આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ થી માહિતગાર થવા અંગે સેન્ટ્રલ ઝોન ધ્વારા વર્કશોપનું આયોજન

સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદના સહકારથી આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ અંગે એક વર્કશોપનું આયોજન સુરત મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોન ધ્વારા કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સ્પીપા સંસ્થા અમદાવાદના પ્રતિનિધિ વિશેષ ઉપસ્થિત રહી આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ અંગે માર્ગદર્શન તથા જાણકારી આપશે. આ કાયદાની જાણકારી મેળવવા અંગે રસ ધરાવનાર સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ, રસ ધરાવતા શહેરીજનોને તા.૧૯/૦૩/૧૧ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ સભાગૃહ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત ખાતે ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

TOP

## આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ થી માહિતગાર થવા અંગે લિંબાયત ઝોન ધ્વારા વર્કશોપનું આયોજન

માહિતી અધિકાર અધિનિયમ હેઠળ કાયદાના પ્રસાર અને પ્રચારના હેતુથી કાયદા અને નિયમની જાણકારી આપવા માટે સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા તથા સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે નીચે જણાવેલ વિગતે વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં રસ ધરાવતાં તમામને પધારવા જાહેર નિમંત્રણ આપવામાં આવે છે.

**વર્કશોપનું સ્થળ** :– મીટીંગ હોલ,સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત), મોડેલ ટાઉનશીપ પાસે, ડુંભાલ, સુરત.

**તારીખ** :– ૨૫/૦૩/૨૦૧૧

**સમય** :– સવારે ૧૦.૩૦ કલાક થી ૧૨.૩૦ કલાક.

TOP

## આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ થી માહિતગાર થવા અંગે ઉધના ઝોન ધ્વારા વર્કશોપનું આયોજન

સાઉથ ઝોન(ઉધના) સુરત મહાનગરપાલિકા ધ્વારા સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા(સ્પીપા), અમદાવાદ અને રાજય સરકારશ્રીનાં સંયુકત ઉપક્રમે માહિતી અધિકાર અધિનિયમ હેઠળ કાયદાના પ્રસાર અને પ્રચારના હેતુથી કાયદા અને નિયમની જાણકારી આપવા માટે નીચે જણાવેલ વિગતે વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે.જેમાં રસ ધરાવતાં તમામને પધારવા જાહેર નિમંત્રણ આપવામાં આવે છે.

**વર્કશોપનું સ્થળ** :– તેરાપંથ ભવન, સાઉથઝોન ઓફિસ સામે,ઉધના, સુરત.

**તારીખ** :– ૨૪/૦૩/૨૦૧૧

**સમય** :– સવારે ૧૦.૩૦ કલાક થી ૧૨.૩૦ કલાક.

TOP

## ચંદ્રદર્શન

ચંદ્ર પૃથ્વીની નજીક આવવાની ખગોળીય ઘટનાને કારણે ચંદ્ર વધુ પ્રકાશિત અને મોટો દેખાશે. શહેરીજનોને આ અલૌકિક ઘટના નિહાળી શકે તે માટે સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત, સીટી લાઈટ રોડ ખાતે "રિફ્રેકટર ટેલિસ્કોપ" દ્વારા તારીખ ૧૯ માર્ચ ૨૦૧૧ શનિવારના રોજ સાંજે ૭ થી ૯ દરમ્યાન બતાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે જેથી જાહેર જનતાને લાભ લેવા વિનંતી.

TOP